**સુખ અને આનંદ અને દુઃખ એ તો જીવનની ઘડિયાળના કાંટાઓ છે. એ ત્રણેયમાંથી કોને સેકન્ડ કાંટો, કોને મોટો કાંટો કે કોને નાનો કાંટો કહેવો એ આપણા હાથની વાત છે.**

# સુખ, દુઃખ અને આનંદ...

આપણને દરેક બાબતમાં સાચા પડવાની ટેવ છે. ઘણીખરી બાબતમાં આપણે ખોટા હોઇએ તો પણ સાચા પડવાનો આગ્રહ સેવતા હોઇએ છીએ. અને નાની અમથી નિષ્ફળતાથી દુઃખી થઇ જઇએ છીએ.

**સુખ શેમાં રહેલું છે?** નાના હતા ત્યારે નવી પેન્સિલ અને નવું રબ્બર કે પછી બાકસની છાપ કે પછી સ્કૂલેથી છૂટવાનો સમય- એ આપણું સુખ હતું. ગમ્મે ત્યારે આવી જતી ઉંઘ આપણું સુખ હતું. ઉંમર સાથે વધતી સમજણ ક્યારેય આપણને ગમી નથી. **શાણપણ એ તો માણસપણાનો મેક-અપ છે.** સુખ દરેક ઉંમરે આપણી સાથે મોટું થતું ચાલ્યું છે. **કશું જ વાપરવું નથી અને બધું જ ભેગું કરી લેવું છે- એ કંજૂસનું સુખ છે. બધું જ વાપરવું છે અને કશું જ છે નહીં એ સંતો અને ફકિરોનું સુખ છે.** તમારા આનંદની તમને ચિંતા થવા માંડે એટલી હદે સુખી થવા કરતાં દુઃખમાંથી રસ્તો કાઢતાં કાઢતાં પ્રફુલ્લિત રહેવામાં વધારે મઝા પડતી હોય છે.

સુખની લાલચ નિષ્ફળતાની આસપાસ ભટકતી હોય છે. દરેક પ્રકારની સત્તા હોવા છતાં અંદરથી બીજાના કરતાં પ્રામાણિક દેખાવાની વૃત્તિ મોટામોટા સત્તાધીશોને પણ બેચેન રાખતી હોય છે.

**દરેક માણસનું સુખ અલગ અલગ હોય છે.** સપનું એ સુખની માત્રાઓની અમલપિયાલી છે. વ્યક્તિમાંથી મળતો આનંદ વસ્તુ તરફ આકર્ષાય ત્યારે સુખને મઝા પડતી હોય છે. પછી તો વ્યક્તિ પણ વસ્તુ જેવી થવા માંડે છે. સુખને બદલાતાં વાર નથી લાગતી. એકાદ નિષ્ફળતાનો સામનો સુખના સ્ટેટસમાં ફેરફાર લાવી શકે છે. સુખને આકાર હોય છે. વસ્તુઓના આકારમાં સુખનો આકાર રહેલો છે. જરૂરીયાતના પગથિયા ઉપર સુખ ચઢ-ઉતર કરતું હોય છે. સુખના અભાવને દુઃખ માની લેવાની આદત નિરાશા જન્માવે છે.

સુખનો પ્રકાર અને આકાર ધીરે ધીરે સંકોચાતા જાય છે. પાંચ વ્યક્તિઓમાં પૂછાવું, નાની ગાડીમાંથી મોટી ગાડીનો વૈભવ, રવિવારે સ્વિચ-ઓફ રાખેલો મોબાઇલ, વાળમાં કરાવેલી ડાઇ, નવી ચશ્માની ફ્રેમ અને ચમકદાર લાગવા માંડેલી આંખો, ઘરના દરેક વ્યક્તિઓને 'સેટ' કરી દીધાનો સંતોષ અને... સુખ વધારે મોટું થતું જાય છે. સુખ જાણે-અજાણે ઈચ્છા, અપેક્ષા અને મહાત્વાકાંક્ષાના ભેદને ભૂલી જાય છે. સુખ આગલા બારણેથી ઘરમાં પ્રવેશે છે અને પવનની જેમ દેખાતું નથી.

સુખ યુવાનીમાં દેખાય છે. કારણકે જુસ્સો અને ગુસ્સો બંને એની સાથે હોય છે. પણ આખી જિંદગીનો નીચોડ માણસને દુઃખી કરે છે. સુખના સમતુલનને આનંદ કહેવાય છે. આનંદ કોઇપણ અવસ્થામાંથી મળે છે. એના માટે સુખી થવું જ પડે એ જરૂરી નથી. ભીખારીના હસતા ચહેરા પર એના હસ્તાક્ષર જોઇ શકાય છે. વિધવા સ્ત્રીની આંગળીઓમાં પડી ગયેલા મણકાના સળ એનો ક્યાસ કાઢી શકે છે. સુખ ઉંમર સાથે મોટું થાય છે પણ સમજણું નથી થતું. દુઃખ નાનું હોય છતાંય પરિપક્વ હોય છે. અને જન્મથી મૃત્યુ સુધી આનંદની માત્રામાં કોઇ ફરક પડતો નથી. તમે નાના હતાં ત્યારે તમારો ચહેરો જુદો હશે અત્યારે ઉંમરની સાથે બદલાયેલા ધોળા વાળમાં જુદો લાગતો હશે. પણ અરીસામાં જોઇને તમે જ્યારે તમારી જ સામું હસી પડો છો કે શરમાઇ જાવ છો - એ હસવું અને શરમાવું - ક્યારેય નથી બદલાતાં! એ જ તમારો આનંદ છે. આનંદની એક્સપાયરી ડૅટ નથી હોતી. આનંદનું જન્મસ્થળ નથી હોતું કારણકે આનંદ મૃત્યુ પણ નથી પામતો... આનંદ એક ક્ષણથી બીજી ક્ષણને 'ખો' જરૂર આપે છે પણ 'ધોખો' નથી આપતો. તમે સુખ જમ્યાં છો કે દુઃખ - એની ઉપર જ આનંદના ઓડકારનો આધાર રહેલો છે. **આનંદ નિષ્ફળ માણસને પણ સુખી કરી શકે છે. સુખ નિષ્ફળ માણસને આનંદ નથી આપી શકતું...**